GJAR030005102025

| | |
|---|---|
| રજુ તારીખ: | ૦૪–૦૩–૨૦૨૫ |
| દાખલ તારીખ: | ૦૪–૦૩–૨૦૨૫ |
| ફેસલ તારીખ: | ૨૭–૦૨–૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ–માસ–દિવસ<br>૦૧ – ૦૦ – ૨૩ |

**ભિલોડાના મે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.ભિલોડા, જી.અરવલ્લી – મોડાસા**

**ફોજદારી કેસ નં.૩૮૬/૨૦૨૫**
**આંક–**

**–:: ફોર્મ–એ ::–**

| | |
|---|---|
| **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ, ભિલોડા – અરવલ્લી**<br>હુકમની તારીખ:–૨૭/૦૨/૨૦૨૬<br>**ફોજદારી કેસ નંબર:૩૮૬/૨૦૨૫** | |
| પોલીસ સ્ટેશન | શામળાજી પો.સ્ટે.ગુ.રજી.નં.૦૩૭૭/૨૦૨૪ |
| ગુન્હો | ઇ.પી.કો.ની કલમ– ૩૭૯,૧૧૪ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| **ફરીયાદી તર્ફે** | **વિ.એ.પી.પી.શ્રી. કે.એન.સિસોદીયા** |
| –:: વિરૂધ્ધ::– | |
| આરોપી | (૧) અલીખન ઇકબાલખાન પઠાણ,<br>રહે.માગીયા બસ્તી વોર્ડ નં.૪, ખેરવાડા, તા.ખેરવાડા, |

| | |
|---|---|
| | જી.ઉદેપુર (રાજસ્થાન) |
| **આરોપીઓ તર્ફે** | **વિ.વકીલ શ્રી : બી.વી.ચંપાવત** |

**–:: ફોર્મ – બી ::–**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૨૮/૦૬/૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૦૨/૦૭/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૦૪/૦૩/૨૦૨૫ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૦૬/૦૩/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | તા.૧૯/૦૩/૨૦૨૫ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૨૭/૦૨/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૨૭/૦૨/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | –– |

**–:: આરોપીની વિગત ::–**

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૧) |
| આરોપીનું નામ | અલીખન ઈકબાલખાન પઠાણ |
| ધરપકડ કર્યા તારીખ | તા.૧૨/૧૨/૨૦૨૪ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૦૫/૦૩/૨૦૨૫ |
| કયો ગુન્હો નોંધાયેલ | ઈ.પી.કો.ની કલમ– ૩૭૯,૧૧૪ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ છે | છોડી મુકેલ છે. |
| સજા કર્યાની વિગત | –– |

| | |
|---|---|
| બી.એન.એસ.એસની કલમ ૪૫૨ મુજબ – ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમાં રહેલ સમય | –– |

**–:: ફોર્મ – સી ::–**

**એ – ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–**

| **ક્રમ** | **સાહેદના નામ** | **પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| (૧) | વસંતભાઇ રણછોડભાઇ પટેલ | ફરીયાદી | ૨૨ |
| (૨) | નેહાબેન વસંતભાઇ પટેલ | સાહેદ | ૨૪ |
| (૩) | ભાંભી સંજયકુમાર મગનભાઇ | પંચ સાહેદ | ૨૫ |

**બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.**

**સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.**

**એ– ફરીયાદપક્ષ દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–**

| **ક્રમ** | **આંક તથા સાહેદ નંબર જેમા દસ્તાવેજ રજુ થયેલ છે.** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ૨૩ (ફ.સાહેદ નં.૧) | ફરીયાદ |

| | | |
|---|---|---|
| ૨. | ૨૬ (ફ.સાહેદ નં.૩) | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | ૨૯ | સમાધાન પુરસીસ |
| ૪. | ૩૦ | કલોજીંગ પુરસીસ |

**બી– બચાવ પણ દવારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**સી– અદાલત વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**ડી– અધલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વાર્ણન :– નથી.**

**//ચુકાદો//**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે,

આરોપીઓએ તા.૨૮/૦૬/૨૦૨૪ ના રોજ આશરે ક.૧૫ /૦૦ થી ક.૧૫/૩૦ વાગ્યાના વચ્ચેના સમયગાળા દરમ્યાન મોજે શામળાજી બસ સ્ટેશનથી આ કામના ફરીયાદીના દીકરી નેહાબેનનો રેડમી નોટ ૮ કંપનીનો મોબાઇલ જેમાં સીમ નં–૯૪૨૬૨૭૦૨૮૭ નું છે. જેનો આઇએમઇઆઇ નં.૧–૮૬૩૭૯૩૦૪૨૨૬૨૮૯૫ તથા આઇએમઇઆઇ નં.૨–૮૬૩૭૯૩૦૪૨૨૬૨૯૦૩ નો છે. તે જેની કીંમત આશરે ૧૪, ૫૦૦/– નો ફરીયાદીના દીકરીના થેલામા રાખેલ મોબાઇલ આ કામના આરોપીએ ચોરી કરી લઇ જઇ અગાઉ પકડાયેલ આરોપી સંજયભાઇ શંકરલાલ મેઘવાલને આપી દઈ તપાસ દરમ્યાન હાલના આરોપી પકડાઇ જઇ આ કામના હાલના આરોપીનાઓ નહીં પકડાઇ જઇ ગુન્હો કરવામાં

એકબીજાની મદદગારી કરી ગુન્હો કરી ઇ.પી.કો કલમ–૩૭૯,૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે.જે બાબતની ફરીયાદ ફરીયાદીએ તા.૦૨/૦૭/૨૦૨૪ ના રોજ શામળાજી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૩૭૭/૨૪ થી જાહેર કરેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપીઓ સામે ઉપરોકત ગુન્હા નું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને કોર્ટમાં ઉપસ્થિત થયેલ ત્યાર બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ આરોપીને ચાર્જશીટ તથા પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ,આરોપી ઉપર **આંક–૦૫** થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી, સદરહું તહોમતનામું આરોપને વાંચી–સંભળાવી, આરોપીનું સદરહું તહોમતનામા અંગે **આંક–૦૬** થી નીવેદન નોંધવામાં આવેલ અને જે નિવેદનમાં આરોપીને ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરતા સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષ તરફથી સદરહુ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી વસંતભાઇ રણછોડભાઇ પટેલની જુબાની | ૨૨ |

| | | |
|---|---|---|
| ૨ | ફરિયાદ | ૨૩ |
| ૩ | સાહેદ નેહાબેન વસંતભાઇ પટેલની જુબાની | ૨૪ |
| ૪ | પંચ સાહેદ ભાંભી સંજયકુમાર મગનભાઇ | ૨૫ |
| ૫ | ગુન્હાવાળિ જગ્યાનું પંચનામું | ૨૬ |
| ૬ | સમાધાન પુરસીસ | ૨૯ |
| ૭ | કલોજીંગ પુરસીસ | ૩૦ |

(૪) નિવેદન નોંધવા નોંધવામાં આવેલ જેમાં આરોપીએ તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનુ કથન કરેલ. ત્યારબાદ આરોપનાં ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેતા આરપીએ ફરિયાદ પક્ષે રજૂ તમામ પુરાવો નકારી કાઢી તેઓ સામે ખોટી ફરિયાદના આધારે ખોટો કેસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૬) પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુદ્દા**

| | |
|---|---|
| (૧) | **શું ફરિયાદ પક્ષ એ હકીકત ની: શંક પણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૨૮/૦૬/૨૦૨૪ ના રોજ આશરે ક.૧૫ /૦૦ થી ક.૧૫/૩૦ વાગ્યાના વચ્ચેના સમયગાળા દરમ્યાન** |

| | |
|---|---|
| | **મોજે શામળાજી બસ સ્ટેશનથી આ કામના ફરીયાદીના દીકરી નેહાબેનનો રેડમી નોટ ૮ કંપનીનો મોબાઇલ જેમાં સીમ નં-૯૪૨૬૨૭૦૨૮૭ નું છે. જેનો આઇએમઇઆઇ નં.૧-૮૬૩૭૯૩૦૪૨૨૬૨૮૯૫ તથા આઇએમઇઆઇ નં.૨-૮૬૩૭૯૩૦૪૨૨૬૨૯૦૩ નો છે. તે જેની કીંમત આશરે ૧૪,૫૦૦/- નો ફરીયાદીના દીકરીના થેલામા રાખેલ મોબાઇલ આ કામના આરોપીએ ચોરી કરી લઇ જઇ અગાઉ પકડાયેલ આરોપી સંજયભાઇ શંકરલાલ મેઘવાલને આપી દઈ તપાસ દરમ્યાન હાલના આરોપી પકડાઇ જઇ આ કામના હાલના આરોપીનાઓ નહીં પકડાઇ જઇ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરી ઇ.પી.કો કલમ-૩૭૯,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?** |
| (૨) | **શું હુકમ ?** |

**(૭)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :-

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે :-

**-//કારણો//-**

**મુદ્દાનંબર-૧ તથા ૨ અંગે :-**

(૮) આરોપી વિરુધ્ધ આક્ષેપીત તહોમત, ગુના સંબંધેના કાયદાના પ્રોવીઝન ની સાથે ફરીયાદ પક્ષ ના પુરાવા ની મુલવણી કરવામાં આવે તો, ફરીયાદ પક્ષે **આંક–૨૨થી ફરીયાદી વસંતભાઈ રણછોડભાઈ પટેલ** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમા જણાવેલ છે કે, નેહાબેન તેમના દિકરી થાય છે. તા.૨૮/૬/૨૪ નારોજ બનાવ બનેલો, બનાવના દિવસે તેમની દિકરી શમાળાજી કે.આર.કટારા કોલેજમાં કોલેજની ફી ભરવા માટે ગયેલ અને સાંજના ચાર થી સાડા ચાર વાગ્યાની આસપાસ તેમની દિકરીએ તેમને ફોનથી જણાવેલ કે, શામળાજી બસ સ્ટેન્ડમાંથી તેનો મોબાઈલ ચોરી થયેલ છે. પછી તેમની દિકરીને તેઓએ જણાવેલ કે, તું ઘરે આવી જા પછી આપણે ફરીયાદ કરીશું. પછી તેમની દિકરી સાંજે ઘરે આવેલ અને તેમણે તેમની દિકરીને પુછતાં જણાવેલ કે, મોબાઈલની ઘણી શોધખોળ કરેલી પરંતુ મોબાઈલ સ્વીચઓફ આવે છે અને મળેલ નથી. તેમની દિકરી પાસે રેડમી નોટ–૮ કંપનીનો મોબાઈલ હતો જેનો મોબાઈલ નંબર હાલ તેમને યાદ નથી. પછી તેઓ કપડવંજ રૂરલ પો.સ્ટે. ફરીયાદ કરવા ગયેલ પરંતુ ત્યાંથી તેમને એવું જણાવેલ કે, તમારો મોબાઈલ જે જગ્યાએથી ચોરાયેલ છે તે જગ્યાએ જઈ ફરીયાદ કરવી પડશે. પછી તેમને ઈ–એપ્લીકેશન દ્વારા ફરીયાદની જાણ કરેલી. ત્યારબાદ તા.૨/૭/૨૪ના રોજ શામળાજી પો.સ્ટે.થી તેઓને ફોન આવતાં શામળાજી પો.સ્ટે. ગયેલ અને ત્યાં જઈ તેમને આ બનાવ સબંધે ફરીયાદ આપેલી. જે ફરીયાદમાં ફરીયાદી તરીકે તેઓએ સહી કરેલી. જે ફરીયાદ આ કામે આંક–૧૧ થી રજુ છે. આ **ફરીયાદ આપ્યા બાદ પંદર–વીસ દિવસ પછી તેમને જાણ થયેલી અને તેમની**

**દિકરીનો મોબાઈલ પરત મળી ગયેલ જેથી તેઓએ નામ.કોર્ટમાંથી મોબાઈલ મેળવવા અરજી કરેલી જે આધારે તેમને તેમનો મોબાઈલ મળી ગયેલ. આ મોબાઈલ કોની પાસેથી મળી આવેલ તેની તેમને કંઈ ખબર નથી.**

સદરહું ફરિયાદી ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ પી પી દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરતા નથી.જ્યારે બચાવ પક્ષ તરફે કરવામાં આવે ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,''**શામળાજી બસ સ્ટેન્ડ માંથી મારી દિકરીનો મોબાઈલ કોણ ચોરી ગયેલ? તેની મને કોઈ માહિતી નથી. મોબાઈલ ચોરીના બનાવ બાબતે ફોન દ્વારા મને જાણવા મળેલ. આ મોબાઈલ પોલીસે કોની પાસેથી –બજે લીધેલો? તેની મને કોઈ જાત માહિતી નથી. મોબાઈલ ચોરી અંગેના બનાવની હકીકત મેં પોલીસને જણાવેલ તે મુજબ ફરીયાદ લખી મારી સહી કરાવેલી.''**

(૮.૧) આરોપી વિરુધ્ધ આક્ષેપીત તહોમત, ગુના સંબંધેના કાયદાના પ્રોવીઝન ની સાથે ફરીયાદ પક્ષ ના પુરાવા ની મુલવણી કરવામાં આવે તો, **ફરીયાદ પક્ષે આંક–૨૪ થી સાહેદ નેહાબેન વસંતભાઈ પટેલ** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમા જણાવેલ છે કે, ગઈ તા.૨૮/૬/૨૪ના રોજ એમ.એ.નું ફોર્મ ભરવા માટે તેઓ શમાળાજી કે.આર.કટારા આર્ટસ કોલેજમાં ગયેલ અને પરત ઘરે જવા માટે શામળાજી બસ સ્ટેન્ડે આશરે સાડા ત્રણ વાગ્યાની આસપાસ ઉભી હતી ત્યારે તેમના થેલાની ચેન ખુલ્લી હતી અને થેલામાં જોયેલ તો તેમની પાસેનો

રેડમી નોટ–૮ કંપનીનો મોબાઈલ મળી આવેલ નહીં. અને મોબાઈલની શોધખોળ કરેલી જેથી મોબાઈલ નહી મળતાં તેઓએ તેમના પપ્પા વસંતભાઈને ફોનથી જાણ કરેલી અને પછી તેમની બસ આવી ગયેલ હોય તેઓ ઘરે જતા રહેલા અને પછી તેમના પિતાને જાણ કરેલી. જેથી **તા.૩૦/૬/૨૪ ના રોજ તેમના પપ્પાએ ઈ–અરજી દ્વારા ફરીયાદ કરેલી.** પછી તેમના પપ્પા ઉપર પોલીસ સ્ટેશનથી ફોન આવેલ અને આ બાબતે તેમના પપ્પાએ ફરીયાદ આપેલી અને **ત્યારબાદ પોલીસે તેમનો જવાબ લીધેલો. તેમનો જે મોબાઈલ ચોરાઈ ગયેલ તેનો મોબાઈલ નં.૯૪૨૬૨૭૦૨૮૭ હતો. ત્યારબાદ તેમના પપ્પા ઉપર પોલીસ સ્ટેશનથી ફોન આવેલ અને મોબાઈલ મળી ગયેલ છે તેવું જણાવેલ.આ મોબાઇલ કોની પાસેથી મળિ આવેલ તેની તેમને ખબર નથી.**

સદરહું ફરિયાદી ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ પી પી દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરતા નથી. જ્યારે બચાવ પક્ષ તરફે કરવામાં આવે ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **'' શામળાજી બસ સ્ટેન્ડ માંથી મારો મોબાઈલ કોણ ચોરી ગયેલ? તેની મને કોઈ માહિતી નથી. આ મોબાઈલ પોલીસે કોની પાસેથી કબજે લીધેલો? તેની મને કોઈ જાત માહિતી નથી.''**

**(૮.૨)** આરોપી વિરુધ્ધ આક્ષેપીત તહોમત, ગુના સંબંધેના કાયદાના પ્રોવીઝન ની સાથે ફરીયાદ પક્ષ ના પુરાવા ની મુલવણી કરવામાં

આવે તો, ફરીયાદ પક્ષે **આંક–૧૭ થી પંચ સાહેદ ભાંભી સંજયકુમાર મગ્નભાઈ**ને નાઓને તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદ માત્ર પંચ નં. ૧ તરીકે પંચનામામાં તેઓની સહી હોવાનું અને પોલીસે આશ્રમ રોડ ચાર રસ્તા પાસે સહી કરાવેલી હોવાનું જણાવેલ છે તે સિવાય ની પંચનામાની તમામ હકીકતને નકારી કાઢેલી છે. અને વી.એ.પી.પીશ્રી દ્વારા સાહેદ વિમુખ થયેલ અત્રેની કોર્ટ દ્વારા જાહેર કર્યા બાદ વિસ્તૃત ઉલટ તપાસ કરવા છતાં કોઈ સ્પસ્ટ હકીકત કે પુરાવા પંચનામાની હકીકત ને સમર્થન કારી આપેલ નથી. અને ઉલટ તપાસમાં તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ હકીકત તેઓ જાણતા ના હોવાનું સ્વીકારેલ છે.

(૯) આમ, ઉપરોકત તપાસેલ ફરીયાદી તથા તેના પતીની સોગંદપર ની જુબાની દ્વારા હાલના આરોપીઓ દ્વારા ફરીયાદીના બેગ/ પર્શ માંથી મોબાઈલની ચીલ ઝડપ કરી ચોરી કરેલ હોઈ કે ખેચી લીધેલ હોઈ તે હકીકત પુરવાર થતી નથી. કારણ કે, તેઓ આરોપીને જોચે ઓળખતા નથી, તેઓની હાજરીમાં આરોપીઓ પાસેથી કોઈ મુદામાલ પોલીસે રીકવર કરલે હોઈ અને ફરીચાદી એ તે મુદામાલ ની ઓળખ કરલે હોઈ તેવો કોઈ ઠોસ પુરાવા ફરિયાદ પક્ષે પુરવાર કરેલ નથી. વધુમાં, આરોપીઓ ની કોઈ ઓળખ પરેડ ફરિયાદ રૂબરૂ કરવામાં આવેલ હોઈ તેવો પણ કોઈ સ્પસ્ટ પુરાવા ફરિયાદ પક્ષે રેકર્ડ પર પુરવાર કરેલ નથી. જેથી આ કામે ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, હાલના આરોપીને આક્ષેપીત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જેથી આ

કામના આરોપીને હાલના ગુનાના કામેથી નિર્દોષ ઠરાવી, છોડી મૂકવા જોઈએ તેવું આ અદાલતનું માનવું છે.જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ 'નકાર'માં આપવામાં આવે છે અને મુદ્દા નંબર–ર અંગે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:((હુકમ)):–**

**(૧)** સી.આર.પી.સી ની કલમ – ૨૪૮ (૧) અન્વયે, આ કામના આરોપીને ભારતીય ન્યાય સંહિતા ની કલમ – ૩૭૯, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(ર)** આરોપીએ હાલના કામેની સંભવીત અપીલના કામે અપીલ કોર્ટ સમક્ષ હાજર થવા સારુ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા બી.એન.એસ.એસ.ક–૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર અમલમાં રહેશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૭/૦૩/૨૦૨૬
ભીલોડા

(આનંદકુમાર અનિલભાઈ દવે)
એડિ. જયુડિ મેજિસ્ટ્રેટ.ફ.ક.
ભિલોડા.
જીજે.૦૧૪૪૨

//ANIL TIRWALA//